THE SCIENCE WORLD
A Monthly e Magazine
ISSN:2583-2212
Popular Article
January, 2026 Vol.6(1), 244-248

# ઉથલા મારતી (રીપીટ બ્રીડર)ગાય/ભેંસોના કારણો અને તેનું નિવારણ

ડૉ. અનુપકુમાર એન. પટેલ[1], ડૉ. કરન ચૌધરી[2], ડૉ. નિરલ પટેલ[3], ડૉ. રોહિત ગોસાઈ[4], ડૉ. અભિષેક પટેલ[5], ડૉ. જીગ્નેશ પટેલ[6]

[1] Department of Veterinary Surgery and Radiology, College of Veterinary Science & AH, Kamdhenu University, Anand, Gujarat, India.
[2] Department of Veterinary Gynaecology & Obstetrics, College of Veterinary Science & AH, Kamdhenu University, Sardarkrushinagar, Gujarat, India.
[3] Department of Veterinary Medicine, College of Veterinary Science & Animal Husbandry, Kamdhenu University, Sardarkrushinagar, Gujarat, India.
[4] Department of Veterinary Surgery and Radiology, College of Veterinary Science & AH, Kamdhenu University, Anand, Gujarat, India.
[5] Department of Veterinary Surgery and Radiology, College of Veterinary Science & AH, Kamdhenu University, Bhuj, Gujarat, India.
[6] Department of Veterinary Surgery and Radiology, College of Veterinary Science & AH, Kamdhenu University, Sardarkrushinagar, Gujarat, India.
DOI:10.5281/ScienceWorld.18420301

પશુપાલકો દ્વારા કરાતી ફરીયાદોમાં મુખ્યત્વે તેઓના જાનવરોને સમયસર ફેળવવા છતાં વારંવાર વેતરમાં પાછા ફરે છે અથવા તો ઉથલા મારે છે તે છે. આના કારણે પ્રાણી વિયાણ પહેલા વાછરડી-પાડી) કે વિયાણ બાદ (ગાય-ભેંસ) બહુ જ મોડી ગાભણ થાય છે. અને પ્રથમ વિયાણની ઉંમર કે બે વિયાણ વચ્ચેનો ગાળો વધતો જાય છે. આ સમયગાળો વધતા પશુપાલકને આર્થિક રીતે મોટું નુકસાન વેઠવું પડે છે.

ઉથલા મારવાના કારણો:

૧) પ્રજનન તંત્રના અવયવોની જન્મજાત ખામીઓ

૨) અંડ, શુક્રાણુ કે ભૃણમાં જનીનોની ખામી અથવા વયોવૃદ્ધિ.

3) ચેપ અથવા પ્રજનનતંત્રના અવયવોનો સોજો

૪) અંતઃસ્ત્રાવો ને પેદા કરતી ગ્રંથિઓના કાર્યમાં ખામી

૫ ) પશુઓની સાર-સંભાળ અને પોષણની ખામી.

૬ ) ઉપરોકત કારણોને લીધે મુખ્યત્વે અંડના ફલિનીકરણમાં આડ ઉભી થાય છે અથવા તે ભૃણનો નાશ થાય છે.



Official Website
www.thescienceworld.net
thescienceworldmagazine@gmail.com
Published 20/01/2026

૭) વિલંબિત કૃત્રિમ બીજદાન

૮) ગર્ભધારણ નિષ્ફળતા:-સૌથી આદર્શ પધ્ધતિમાં અંડપાતના પરિણામે છુટુ પડેલ અંડબીજ ફળીભુત થાય છે. પરંતુ ઘણાં ભૂણો શરૂઆતની સગર્ભાવસ્થામાં નાશ પામે છે. જાનવરોમાં ફલન સમયે અંડબીજનું ફલીકરણનું પ્રમાણ ૮૫ ટકા જેટલું છે. ૧૯માં દિવસે ૬૦ થી ૬૫ ટકા પ્રાણીઓ સગર્ભા હોય છે અને ૪૦ માં દિવસે આ પ્રમાણ ૫૫ થી ૬૦ ટકા જણાયું છે. આથી એમ કહી શકાય કે સગર્ભાવસ્થાના પ્રથમ ૪૦ દિવસમાં ૩૦ થી ૩૫ ટકા ભુણો નાશ પામે છે. સંશોધનના આધારે એવું માલુમ પડયુ છે કે સૌથી વધુ ભુણોનો નાશ ગર્ભવસ્થાનાં શરૂઆતના ૮ થી ૧૬ દિવસ દરમ્યાન થાય છે. આમ છતાંયે શરૂઆતની સગર્ભાવસ્થાનું નિદાન વહેલામાં વહેલું ૨૧ દિવસ બાદ કરવા રૂધિરજલ અથવા દૂધમાંના પ્રોજેસ્ટેરોન નામના અંતઃસ્ત્રાવનું પ્રમાણ માપવાની પધ્ધતિ વિકસાવેલ છે.

૯) શરૂઆતની ગર્ભવસ્થામાં ગર્ભનાશ::- કયારેક જાનવરો ફલનબાદ ૨૧ થી ૨૪ દિવસ સુધીના ગાળામાં ગરમી માં આવતા જોવા મળે છે. આ પરિસ્થિતી ફલન નિષ્ફળતા, ડિમગ્રંથિની ખામીઓ અથવા તો સંસર્ગજન્ય જાતિય રોગોને લીધે થઈ શકે છે. જાતિય સંસર્ગથી ફેલાતા રોગોથી ૨૫% જેટલું ગર્ભનાશનું પ્રમાણ જણાય છે. ઉપરાંત આ સિવાય ઈન્ફકશીયસ બોવાઈન રાઈનો ટેકાઈટીસ, બોવાઈન વાઈરલ ડાયેરીયાના વિષાણુઓનો ચેપ, વીબ્રીઓસીસ, સાલમોનેસ્ટ્રોસીસ તથા લેપ્ટોસ્પાયરોસીસથી ગર્ભનાશ થતાં સગર્ભાવસ્થાના પાછલા ગાળામાં ગર્ભપાતના કિસ્સા જોવા મળે છે.

૧૦) સગભાં કૃત્રિમ બીજદાન:- સગર્ભાવસ્થાકાળ દરમિયાન અમુક જાનવરો ગરમીમાં આવે છે. આવા પ્રાણીઓમાં પૂરેપૂરી તપાસ કર્યા વગર સગર્ભાવસ્થાકાળ દરમ્યાન કૃત્રિમ બીજદાન કરવામાં આવે તો ગર્ભ નાશ પામે છે. પૂર્વવત બીજદાન કરાયેલ જાનવરોને ફરીથી બીજદાન કરતાં પહેલા ઝીણવટભરી તપાસ કરવી હિતાવહ છે. આમ જોતાં ગ્રામ્યક્ષોત્રમાં નિયમિત ગર્ભનિદાનનું મહત્વ સમજાય છે. જોકે પૂર્વવત બીજદાન થયેલ પ્રાણીઓમાં બીજદાન માટે વપરાતી બીજદાન ગન જો ગર્ભાશય ગ્રીવાના મધ્યભાગ સુધીજ દાખલ કરવામાં આવે તો ગર્ભનાશનું જોખમ ઓછું રહે છે. આ નિયમ કૃત્રિમ બીજદાન કૌશલ્યમાં ચુસ્તપણે અમલ થાય તે જરૂરી છે. જેથી સગર્ભા જાનવરોમાં કૃત્રિમ બીજદાનનું પ્રમાણ ઘટશે અને ગર્ભનું રક્ષણ થશે.

૧૧) રજનુ પરિપકવ ન થવું- મગજમાં રહેલ શીર્ષસ્થ ગ્રંથીમાંતી એફ.એસ.એચ. નામનો સ્ત્રાવ ઉત્પન્ન થાય છે. જેની અસરથી રજગ્રંથીમાંથી એક રજ વિકસીત થાય છે મોટુ થાય છે અને પરિપકવ બને છે અને છુટુ પડે છે. ઘણી વખત આ સ્ત્રાવની ઉણપથી રજ પરીપકવ થતું નથી અથવા રજ્ગ્રંથી નાની હોવાથી રજ પરીપકવ થતુ નથી.

૧૨) રજઅલન ક્રિયામાં ખામી:- રજથી ઉપર પરિપકવ થયેલ રજ એલ.એચ નામના સ્ત્રાવની અસરથી છુટુ પડે છે. આ એલ.એચ. નામના સ્ત્રાવન મગજમાની શીર્ષસ્થ ગ્રંથીમાંથી છુટું છે. જો



Official Website
www.thescienceworld.net
thescienceworldmagazine@gmail.com
*Published 20/01/2026*

આ એલ.એચ. સ્ત્રાવની ખામી હોય તો રજ છુટુ પડતુ નથી અને રજગ્રંથીમાંજ શોષાય જઈ મરી જાય છે.

૧૩) ફલીનીકરણ અવરોધ:- આપણે જાણીએ છીએ કે ફલીનીકરણ રજવાહીનીમાં રજગ્રંથીના છેડા તરફ થાય છે. પરંતુ જનન અવયવોની ખામીથી રજ અને વીર્યકણો ભેગા થઈ શકતા નથી આથી ગર્ભ ધારણ માં સફળતા મળતી નથી.

૧૪) ગર્ભનો નાશ થવો:- કૃત્રિમ વીર્યદાન થયા બાદ ફલીનીકરણ થાય છે સફળ ફલીનીકરણ થઈ તૈયાર થયેલ ગર્ભને ગર્ભાશયની દિવાલ સાથે જોડાતા ઓછામાં ઓછા ૩૪ દિવસ લાગે છે. આ સમય દરમ્યાન ગર્ભ ગર્ભાશયના દૂધ નામના પ્રવાહીમાંથી પોષણ મેળવે છે. એક વૈજ્ઞાનિક અભ્યાસ પરથી સિધ્ધ થયે છે કે ફલીત થયેલા બીજમાંથી ૨૫-30% ભ્રુણ sEmbryo). આ ૩૪-૩૫ દિવસના સમય ગાળામાં જ નાશ પામે છે. આના નિવારણ માટે પશુઆહાર ખનીજ તત્વો અને ચરમ બાબતે પુરતી તકેદારી રાખવી રહી.

સામન્યપણે જો દૂધાળા જાનવરની સારી માવજત હોય તો અંદાજીત ૬૦ થી ૭૦ દિવસે ગરમી/વેતરમાં આવતાં હોય છે. તો આ સમયગાળા દરમ્યાન પશુને ફેળવી દેવું જો કે વિયાણ બાદની પ્રથમ ગરમી મુંગી હોય છે.

૧૫) ગર્ભપાત:- મરેલા યા તો જીવંત પરંતુ જીવી ન શકે તેવા ગર્ભનું ગર્ભવસ્થાકાળ દરમિયાન બહાર ફેંકાઈ જવાની ઘટનાને ગર્ભપાત કહે છે. ગર્ભપાત હંમેશા સામાન્ય પ્રસવકાળથી વહેલો થાય છે. સગર્ભાવસ્થામાં ૩ માસ પહેલાં થતાં ગર્ભપાતમાં ગર્ભ તેમજ ગર્ભવરણો મળમૂત્ર તથા ઘાસ સાથે માલિકની જાણ બહાર ફેકાંઈ જતાં હોય છે. જે ઘણીવાર કૂતરાં બિલાડા દ્વારા ખવાઈ જાય છે. પરંતુ ત્રણ માસ બાદ થતા ગર્ભપાતમાં ગર્ભનું કદ મોટું હોવાથી માલિક જોઈ શકે છે. હંમેશા ગર્ભપાત સમયે બચ્ચું ભરેલું હોય તેવું બનતું નથી પણ બચ્ચું ગર્ભપાતના થોડા સમય બાદ મરી જાય છે. કયારેક ગર્ભવસ્થા દરમિયાન ગર્ભવરણોમાં રહેલું પ્રવાહી શોષાય જતાં ગર્ભ મૃત્યુ પામે છે તથા ગર્ભ પણ શોષાયને સુકાઈ જાય છે. જેને મમીભૂત ગર્ભ તરીકે ઓળખવામાં આવે છે. આવા મમીભૂત ગર્ભને તેના કદના આધારે પ્રોસ્ટાગ્લાન્ડીન- (PG F-g) ના ઇંજેકશન દ્વારા અથવા શસ્ત્રક્રિયા દ્વારા બહાર કાઢી શકાય છે.

મોટાભાગના ગર્ભપાત જીવાણુજન્ય ચેપોને લીધે થાય છે. જેમાં બ્રુસેલોસીસ રોગથી થતા ગર્ભપાતનું પ્રમાણ વધુ હોય છે. અન્ય રોગજન્ય ઘટકો જેવાં કે ઈન્ફશીયસ બોવાઈન રાઈનો ટ્રેકાઈટીસ, બોવાઈન વાઈરલ ડાયેરીયા, કેમ્પાયલોબેકટર ફીટસ, કોરાયનોબેકટેરીયમ પાયોજીનસ, લેપ્ટોસ્પાયરા, લીસ્ટેરીયા મોનોસાયટોજીનસ, સાલમોનેલ્લા, ફુગજન્ય, અને અન્ય કારણોથી પણ ગર્ભપાત થાય છે.

આથી સગર્ભા (૬ થી ૭ માસ) જાનવરોને ઉગ્ર ગરમીના સમયમાં પૂર્ણ લીલો ચારો તથા પીવાનું પાણી આપવું જોઈએ. સગર્ભા જાનવરને ચરણ માટે છોડવું ન જોઈએ અને ઝાડનો છાંયો



Official Website
www.thescienceworld.net
thescienceworldmagazine@gmail.com

*Published 20/01/2026*

તથા ઠંડા પાણીનો છંટકાવ પૂરો પાડવો જોઈએ. જે ગરમીનો પ્રભાવ ઘટાડશે અને પરિણામે ગર્ભપાત થતો અટકાવી શકાશે.

જયાં પશુપાલકો દ્વારા તેઓના ગાય-ભેંસોની સંપૂર્ણ કાળજી લેવાય છે, નિયમિત સંતુલિત ખોરાક તથા પાણી અને ઉતમ માવજત પુરી પાડવામાં આવે છે ત્યાં આવા જાનવરોમાં બંધાવયા બાદ ફળીકરણ દર વધુ (૮૫%) જોવા મળે છે અને બહુ જ ઓછી સંખ્યામાં જાનવરો ગરમીમાં પાછા આવે છે. પરંતુ આ સઘળી બાબતોનો આધાર મુખ્યત્વે પશુપાલકોની આર્થિક સધ્ધરતા પર રહેલો છે. જો પશુ પાલકો પશુવ્યવસ્થા સંતોષકારક નહીં કરી શકે અને નિષ્કાળજી દાખવશે તો જાનવરોને પુરતુ પોષણ તથા માવજત નહીં આપી શકે. આ સંજોગોમાં ગાય-ભેંસોમાં પ્રજનન સમસ્યાઓ જોવા મળશે અને પશુઉત્પાદન તથા પશુપ્રજનન પર અવળી અસર પામશે.

૧૬) અંડાશયની પુટિમયતા(સીસ્ટીક ઓવરી): અંડાશયની પુટીમયતા અથવા સીસ્ટીક ઓવરી એ પ્રાણી શરીરની એક કરતાં વધુ અંત:સ્ત્રાવી ગ્રંથિઓના અંત:સ્ત્રાવોની અસમતુલાને લીધે ઉદભવીત સ્થિતિ/ ખામી છે, અને પશુવંધ્યત્વ તથા ઉથલાની સમસ્યાઓ માટે એક કારણરૂપ છે. વળી અંડાશયની પુટિમયતાનો રોગ વધુ દૂધ ઉત્પાદન આપતી સારી ઓલાદની ગાયોમાં અને કયારેક ભેંસોમાં પણ જોવા મળે છે. ગાયોમાં અને ભેંસોમાં કુલ વ્યંધ્યત્વના અનુક્રમે ૧૨ થી ૧૪ ટકા અને ૩ થી ૫ ટકા કિસ્સાઓ માટે અંડાશયની પુટિમયતા જવાબદાર છે.

**નિવારણના ઉપાયો:**

જાનનવરોમાં ઉથલા મારવાના કારણોને સમજીએ અને તેનું યોગ્ય નિદાન અને સારવાર કરાવીએ તો ઉથલા મારવાના કારણોનું નિવારણ થઈ શકે. આ માટે

૧) પશુપાલકે પોતાના જાનવરને વેતરમાં આવ્યાની ઓળખ કેળવવી ખૂબ જ જરૂરી છે, તે માટે જાનવર જયારે લાળી કરે, આરડે બરાડે, વારંવાર પેશાબ કરે, બીજા જાનવરો ઉપર ઠેકે વગેરે ચિહ્નો બતાવે ત્યારે યોગ્ય સમયે ફેળવ્યા/ બીજદાન કરવા લઈ જવું.

૨) જાનવરને કૃત્રિમ બીજદાન માટે લઈ જઈએ ત્યારે કૃત્રિમ બીજદાન કરનાર વ્યકિત યોગ્ય શિક્ષણ અને અનુભવ ધરાવતો હોવો જોઈએ.

૩) પુખ્ત ઉંમરે પહોંચતા અને વિયાણ બાદ વેતરમાં આવવાના સમય દરમ્યાન જાનવરોમાં પૂરતી માવજત અને પોષણ ખૂબ જ જરૂરી છે. જાનવરને પૂરતો પોષણક્ષમ આહાર નહી મળતો હોય તો તેના ગાભણ થવાની શકયતાઓ ઓછી થતી જાય છે અને જાનવર વારંવાર ઉથલા મારે છે.

૪) જયારે થિજાવેલ કે પ્રવાહી વીર્યથી કૃત્રિમ બીજદાન ધ્વારા જાનવરને ફેળવવામાં આવતા હોય ત્યારે વીર્યનું પરીક્ષાણ, તનુકરણ, જતન, થિજવવાની પ્રક્રિયા, થિજવેલ વીર્યને ફરી પ્રવાહી સ્વરૂપમાં લાવવાની પ્રક્રિયા વગેરે દરમ્યાન પૂરતી કાળજી લેવાવી જોઈએ.

૫) ફાર્મમાં તબેલામાં આપણાથી શકય હોય તેટલા જ જાનવરો રાખવા જોઈએ. વધુ જાનવરો રાખવાથી તેઓને ખોરાક, પાણી, તથા અન્ય માવજત અને વેતરમાં આવ્યા છે કે નહીં તે જાણવા માટે પૂરતો સમય આપી શકાતો નથી. અને જાનવરોનો વેતરમાં આવ્યાનો યોગ્ય સમય કળી

શકતો નથી. આમ થવાથી બીજદાનનો યોગ્ય સમય જળવાતો નથી અને જાનવરને ફેળવવા છતાં વારંવાર વેતરમાં આવે છે. અન માટે આણી પાસેની શકય સગવડોનો પૂરેપૂરો વિચાર કરીને તેટલાજ જાનવરો આપણે રાખવા જોઈએ.

૬) ઉનાળામાં વધુ ગરમી હોય ત્યારે જાનવરોને ઠંડકમાં બાંધવા જરૂરી છે. તેઓને લીલો ચારો પૂરતા પ્રમાણમાં આપવો જોઈએ. પીવા માટે પાણી પૂરતું આપવું જોઈએ અને બની શકે તો જાનવરોને દિવસમાં ત્રણ-ચાર વખત ઠંડુ પાણી છાંટવું જોઈએ.

૭) જાનવરોમાં ચેપી રોગના હોય પરંતુ અંતઃસ્ત્રાવની ઉણપના કારણે વારંવાર વેતરમાં આવતા હોય તો તેવા જાનવરોમાં પશુચિકિત્સક પાસે નિદાન કરાવી અંતઃસ્ત્રાવોની ઉણપ દૂર કરાવી શકાય.

૮) નર અને માદા જાનવરોમાં અથવા કૃત્રિમ બીજદાન કરાવતા હોઈએ તો વીર્યમાં ચેપી રોગો ફેલાતાં જીવાણુઓ, વિષાણુઓ કે પરોપજીવો ન હોવા જોઈએ. આ માટે જયારે પણ બહારથી જાનવર લાવીએ ત્યારે જોઈ-તપાસીને અને થોડા દિવસ તેને અલગ રાખીને ધ્યાન આપવું જરૂરી છે કે તેમાં કોઈ રોગ તો નથી. ત્યારબાદ જ આપણા બીજા જાનવરો સાથે તેને રાખવું. જો જાનવર ચેપી રોગ ધરાવતું હોય તો તેની યોગ્ય સારવાર જાણકાર પશુચિકિત્સક પાસે કરાવવી જરૂરી છે.

૯) માદાના ફલિનીકરણ માટે જે નર ઉપયોગમાં લેતા હોઈએ તેના જનીનો રંગસૂત્રોની ચકાસણી થવી જરૂરી છે અને તેના શુક્રાણુઓમાં આનુવંશિક અથવા જન્મજાત ખામીઓ ન હોય તે જાણવું જરૂરી છે.

૧૦) જન્મજાત કે જનનીય ખામીવાળા જાનવરોનું નિદાન જાણકાર પશુચિકિત્સક પાસે કરાવીએ અને તેમાં સારવાર શકય ન હોય તો તેવા જાનવરોનો નિકાલ કરીએ.



Official Website
www.thescienceworld.net
thescienceworldmagazine@gmail.com
*Published 20/01/2026*